ઈન્દ્રોડા પાર્કમાં સિંહઘરનુ લોકાર્પણ

ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં હવે વાઘ અને રીંછ પણ લવાશે : એશિયાઇ સિંહ સુપ્રા અને સિંહણ ગ્રીવાની જોડી નિહાળવા પ્રકૃતિ પ્રેમીઓમાં ઉત્સુકતા : વાઘ રીંછ અને દિપડા અને વધુ સિંહ લાવવા માટે ૬ કરોડ ખર્ચાશે



ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં આજે સિંહઘરનુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. સુપ્રા નામના સિંહ તેમજ ગ્રીવા નામની સિંહણ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં આકર્ષણનુ કેન્દ્ર બની છે. સિંહઘરન લોકાર્પણ સાથે જ આજે પ્રૃકૃતિ ઉદ્યાનમાં મુલાકાતીઓ મોટી સંખ્યામાં જોવા મળ્યા હતા. જયારે આગામી દિવસોમાં આ પાર્કમાં રૂ ૬ કરોડના ખર્ચે વાઘ , રીંછ તેમજ દિપડા અને વધુ સિંહ પણ પ્રકૃતિ પ્રેમીઓ માટે લાવવામાં આવશે તેવી જાહેરાત પણ આજે વનમંત્રીએ કરી હતી. ગાંધીનગર અમદાવાદ સહીતના વિસ્તારના પ્રકૃતિ પ્રેમીઓને હવે ઈન્દ્રોડા પાર્કમાં સિંહ સિંહણની જોડી જોવા મળશે. તેમ પણ તેમણે જણાંવ્યુ હતુ.

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યન ખાતે સિંહ ઘરનુ લોકાર્પણ કરતા વનમંત્રી ગણપતસિંહ વસાવાએ જણાંવ્યુ હતુ કે ગુજરાતના ઘરેણા સમાન એશિયાટીક સિંહોના સંવર્ધન માટે રાજય સરકાર સંપુર્ણ કટીબધ્ધ છે. આવનારા દિવસોમાં વન્ય પ્રાણીજાતો તેમજ પ્રાકૃતિક સંપદા થકી ગુજરાતને વધુ સમૃધ્ધ બનાવાવ પ્રયાસ કરાશે.ગાંધીનગર તેમજ આસપાસન વિસ્તારમાંથી આવતા મુલાકાતીઓને હવે આ પાર્કમાં સિંહ દર્શનનો લાભ મળશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના માર્ગદર્શન હેઠળ આ આયોજન કરવામાં આવ્યુ છે. આગામી દિવસોમાં આ ઈન્દ્રોડા પાર્કમાં વાઘ , રીંછ દિપડા અને વધુ સિંહ લાવવા માટે પણ આયોજન કરવામાં આવશે. જેની પાછળ રૂ ૬ કરોડનો ખર્ચ કરવામાં આવશે. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે સિંહોના જતન માટે રાજય સરકારે રૂ ૩૫૦

● અનુસંધાન પાન-૭ પર

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં સોવેનિયર શોપ ખુલ્લી મુકાઇ

ગાંધીનગર સ્થિત ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં આજે સિંહ દર્શન ખુલ્લુ મુકવાની સાથે સોવેનિયર શોપનુ પણ ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ. પ્રકૃતિ ઉદ્યાનમાં પ્રતિવર્ષ ૬ લાખ જેટલા મુલાકાતીઓ આવે છે. જયારે તહેવારોના તેમજ રજાના દિવસોમા મુલાકાતીઓની સંખ્યા વિશેષ હોય છે. ત્યારે ઘણાં સમયથી દુરથી આવતા મુલાકાતીઓ તેવુ ઈચ્છી રહ્યા હતા કે પ્રકૃતિ ઉદ્યાનમાં વન્યપ્રાણીઓ અંગેની ચીજવસ્તુઓ કે સાહીત્ય ઉપલબ્ધ થાય તેને ધ્યાને લઈને આ સોવેનિયર શોપને ખુલ્લી મુકવામાં આવી છે. જેમાં સાસણ ગીરની જેમ ઈન્દ્રાડા પ્રકૃતિ ઉદ્યાનમાં પણ વન્ય પ્રાણીઓનો લોગો દર્શાવતી ટી શર્ટ, જેકેટ હેટ , ટોપી સહીત સીડી અને ડીવીડીનુ વેચાણ કરવામાં આવી રહ્યુ છે.

સે. ૩-ડીમાંથી ચિકનગુનિયાના બે કેસ મળ્યા : કુલ કેસ ૧૧

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરના સે. ૩-ડીમાંથી ચિકનગુનિયાના વધુ બે કેસ મળી આવ્યા છે. આ સાથે ચિકનગુનિયાના કેસોની સંખ્યા વધીને ૧૧ થવા જાય છે. મળતી વિગતો પ્રમાણે સે. ૩-ડીમાં ૧૧૭૦/બીમાં રહેતા ઈન્ડેક્ષ સી ના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર પ્રવિણભાઈ પટેલ અને તેમના પત્ની કૈલાસબેન પટેલને ચિકનગુનિયા પોઝીટીવ જણાયેલ છે.

આ બન્ને દર્દીઓએ અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી તેમજ ચિકનગુનિયાનો ટેસ્ટ પણ અમદાવાદની ખાનગી લેબોરેટરીમાં કરાવ્યો હતો જેમાં પરીક્ષણ દરમ્યાન તેમને ચિકનગુનિયા પોઝીટીવ જણાયેલ છે.

તેઓ હાલ ગાંધીનગરમાં સારવાર હેઠળ છે. તેમની તબિયત હાલ સુધારા પર હોવાનુ જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં ચિકનગુનિયાના કેસો જે રીતે છુટાછવાયા મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. આ મુદ્દે શહેરી મેલેરિયાતંત્રએ સઘન સર્વેલન્સ પણ કર્યુ છે. જો કે છુટા છવાયા કેસો મળી રહ્યા હોવાથી તંત્રના કર્મયોગીઓની દોડધામ વધી જવા પામી છે.

શહેરમાં વાહકજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે બેવડી ઋતુમાં પણ મળી રહેલા કેસો માટે જવાબદાર લેખી શકાય.

આગામી રવિવારે જિલ્લાના ૨૮ હજાર ઉમેદવારો લોકરક્ષકની પરીક્ષા આપશે

જિલ્લાના ૯૦ કેન્દ્રો પર પરીક્ષાની કામગીરી હાથ ધરાશે : બાયોમેટ્રીકની કામગીરી બાદ પરીક્ષા લેવાશે

ગાંધીનગર તા ૨૭

ગુજરાત રાજય પોલીસ ભરતી બોર્ડ દ્વારા આગામી તા ૨ ડિસેમ્બરના રોજ લોક રક્ષકની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર જિલ્લામાંથી ૨૮૦૨૦ ઉમેદવારો આ પરીક્ષા આપશે. જયારે આ માટે ૯૦ કેન્દ્રો પર તૈયારી કરી દેવામાં આવી છે. આજે આ પરીક્ષાને અનુલક્ષીને સરકારી પ્રતિનિધિઓ તેમજ કેન્દ્ર સંચાલકોની બેઠક પણ યોજવામાં આવી હતી.

છેલ્લા કેટલાક સમયથી સરકારી ભરતીને અનુલક્ષી સતત પરીક્ષાનો દૌર ચાલુ છે. ગત રવિવારે પણ મુખ્ય સેવિકાની ભરતીને અનુલક્ષીને પરીક્ષા યોજવામાં આવી હતી. જયારે આગામી તા ૨ ડિસેમ્બરના રોજ પણ લોક રક્ષકની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. પરીક્ષાલક્ષી આયોજનને અનુલક્ષી જિલ્લા શિક્ષણતંત્ર તેમજ શાળાઓના બિલ્ડીંગો પણ સતત રજાના દિવસે પણ ધમધમતા જોવા મળે છે. શાળા કક્ષાનો સ્ટાફ પણ પરીક્ષાની કામગીરીમાં રજાના દિવસે જોતરાયેલો રહે છે.

● અનુસંધાન પાન-૭ પર

મનપાના કાનૂની જંગમાં વધુ એક મુદત

હવે આવતીકાલે તમામ કેસોમાં હાઈકોર્ટમાં આગળની સુનાવણી હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગર પાલિકાના કાનૂની જંગમાં આજે વધુ એક મુદત પડી છે અને હવે કેસની સુનાવણી ગુરૂવારે હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો મુજબ આ સુનાવણી દરમ્યાન જ આ મુદત થોડીક સુનાવણી બાદ આપવામાં આવી હતી. આ મુદ્દે રાજયની વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિની કોર્ટમાં પણ ભાજપના કાઉન્સીલરોએ રજુઆત કરી ઝડપથી કાર્યવાહી કરવા અરજ કરી હતી પરંતુ તે અરજ ગ્રાહ્ય રાખવામાં આવી નહિ હોવાનું જાણવા મળેવલ છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર ડે. મેયર અને સ્થાયી સમિતિની ચૂંટણીને પડકારતી રીટ ઉપરાંત કોંગીના અંકિત બારોટે પણ તેનુ અપહરણ થયુ હોવાથી મતાધિકારની રક્ષા કરતી દાદ માંગી છે. મનપાના નવા પદનામિત મેયર, ડે. મેયર તેમજ સ્થાયી સમિતિની નવી રચનાનો મુદ્દો કાનૂની જંગમાં અટવાઈ પડવા પામતાં મનપામાં પણ હવે પછી શું ? શહેરના રાજકીય ગલિયારીઓમાં પણ આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બની ઉભરી રહ્યો છે.

જો કે ગુરૂવારે જ હવે આગળની સુનાવણી થાય તે પછી શું થાય છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

મતદારયાદી માટે મુખ્ય ચૂંટણી અધિકારીની વિડીયો કોન્ફરન્સ

ગાંધીનગર, તા. ૨૭

લોકસભાની આવી રહેલી ચૂંટણીઓ અને નવી મતદારયાદીના ડ્રાફ્ટ રોલની પ્રસિદ્ધિ નજીક આવી રહી છે ત્યારે

તંત્ર દ્વારા ચૂંટણીને લઈ ધીમી ગતિએ કામગીરી પણ આરંભી દીધી છે

આજે રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ. મુરલીકિષ્ણાએ આજે વધુ એક વખત જિલ્લાતંત્રના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી કેટલીક મહત્વની સૂચનાઓ આપી છે.

લોકસભાની ચૂંટણી અંગે તંત્રે આમ તો ધીમી ગતિએ તૈયારીઓ આરંભી દીધી છે. ગત સપ્તાહે ચૂંટણીપંચે જિલ્લાઓમાં ચૂંટણીને લઈ ઉભી કરવાની થતી જગ્યાઓ અને તેમની નિમણુંકોના મુદ્દે વિગતવાર પરિપત્ર પણ કરી દીધો છે જે નોંધનીય છે.

આજે યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં એક સરખા નામ ધરાવતા મતદારો શોધી અને તે બાબતે ખરાઈ કરવાની સૂચના, પી.ડબલ્યુ.ડી. મતદારો માટે અત્યારથી જ કમિટીની રચના અને તેમની સુવિધાઓ અંગે ચિંતા આ કોન્ફરન્સમાં વ્યક્ત થઈ હતી.

મુખ્ય ચૂંટણી અધિકારીએ રાજકીય પક્ષો પાસેથી બુથ લેવલ પર ખેલનાર એજન્ટોની વિગતો પણ ઝડપથી મેળવી લેવા, મતદારયાદીમાં કોઈ ક્ષતિ ના રહી જાય તે જોવા માટે તેમજ સામાન્ય ચૂંટણી માટે હજુ ઘણો સમય બાકી છે ત્યારે ૧૮ થી ૧૯ વર્ષના વધુમાં વધુ મતદારોની નોંધણી માટે પણ આગ્રહ કર્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે ક્ષતિરહિત મતદારયાદી તૈયાર કરવામાં આવે તેમજ વિસ્તારો છુટી નથી ગયાને તેની પણ ચકાસણી કરી લેવી. મતદારયાદીનો ડ્રાપ્ટ રોલ ડિસેમ્બરના અંત સુધીમાં તૈયાર કરી દેવા પણ તેમણે આગ્રહ કર્યો હોવાનું જાણવા મળેલ છે.

શાળાઓના બાળકોના દફતરનો ભાર ઓછો કરવા રાજ્યનો મહત્વનો નિર્ણય

દફતરનું વજન કોઈપણ સંજોગોમાં બાળકના વજનના ૧૦ ટકાથી વધુ નહીં રાખી શકાય : અધિકૃત શૈક્ષણિક સત્તામંડળની માન્યતા પ્રાપ્ત મુદ્રીત સામગ્રી જ દફતરમાં રાખી શકાશે : શિક્ષણમંત્રી

ગાંધીનગર, તા. ૨૭

ધોરણ-૧થી ધોરણ-૧૨માં ભણતા શાળાના વિદ્યાર્થીઓને પાઠયપુસ્તક ઉપરાંતના પુસ્તકો, માર્ગદર્શિકાઓ, સ્વાધ્યાયપોથી, વર્ગકાર્ય, અને ગૃહકાર્યની વર્ગબૂકો, પાણીની બોટલ વગેરેને કારણે દફતરનો બોજ વધી જતા વિદ્યાર્થીઓને કોઈ નુકસાન ન થાય તેવા હેતુ સાથે શિક્ષણ વિભાગે શાળાઓના બાળકોના દફતરનો ભાર ઓછો કરવા મહત્વનો નિર્ણય કરી આ અંગે શાળાના સંચાલકો અને વાલીઓ માટે ચોકકસ માર્ગદર્શિકા જાહેર કરી છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે, ભાર વિનના દફતર અંગે કેન્દ્ર સરકારે આપેલી સૂચના અને તેમના માટે નવેમ્બર મહિનામાં જાહેર કરેલ માર્ગદર્શિકા મુજબ રાજ્ય સરકારે તેનો તાત્કાલિક અમલ કરીને આ નિર્ણય કરેલ છે. આ નિર્ણય અંતર્ગત દફતરનું વજન કોઈ પણ સંજોગોમાં બાળકના વજનના ૧૦ ટકાથી વધુ વજન નહીં રાખી શકાય.

શિક્ષણ વિભાગના આ મહત્વના નિર્ણયની જાહેરાત કરતા શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે, બાળકો પર દફતરના વધુ પડતા ભારથી પડતી શારીરિક અને માનસિક અસર અંગે અગ્રગણ્ય તબીબોના અભિપ્રાય મુજબ દફતરના વધુ પડતા બોજને કારણે બાળકોમાં પીઠનો દુખાવો, સ્નાયુઓ જકડાવા, માનસિક તણાવ, મણકાનો ઘસારો, ડોક દુખવી વગેરે જેવી બિમારી આવી શકે છે અને તેની વિપરીત અસર બાળકોની વૃદ્ધિ અને વિકાસ પર પણ થઈ શકે છે. પરંતુ હવે શિક્ષણ વિભાગના આ નિર્ણયના કારણે કુમળા બાળકો પર આવી શારીરિક અને માનસિક અસર નહીં થાય.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ શિક્ષણ વિભાગે લીધેલા આ મહત્વના નિર્ણયની જાહેરાત કરતા આજે ગાંધીનગર ખાતે પત્રકારો સમક્ષ જણાવ્યું હતુ કે,શિક્ષણ વિભાગે ભાર વિનાના દફતર અંગે મહત્વનો નિર્ણય લઈ શાળા સંચાલકો અને વાલીઓ માટે કેટલીક સૂચનાઓ પણ જાહેર કરી છે. ઉપરાંત શિક્ષણ વિભાગના આ મહત્વના નિર્ણયથી શિક્ષણ સાથે સંકળાયેલા ઉચ્ચ અધિકારીઓને આ અંગેની સત્તાવાર જાણ પણ કરાઈ રહી છે.

શિક્ષણ વિભાગે લીધેલા નિર્ણય મુજબ હવેથી વિદ્યાર્થીઓના દફતરનું વજન કોઈ પણ સંજોગોમાં પોતાના વજનથી ૧૦માં ભાગનું એટલે કે ૧૦ટકાથી વધુ ન હોય તેની તકેદારી રાખવાની રહેશે. જે તે શાળાની માન્યતાની શરતો મુજબ અભ્યાસક્રમ ચાલતો હોય તે શાળાઓ માટે નિયત થયેલ શૈક્ષણિક સત્તામંડળ દ્વારા માન્યતા પ્રાપ્ત થયેલ હોય તેવી પ્રિન્ટેડ સામગ્રીનો જ ઉપયોગ કરવાનો રહેશે.

આજે મગફળીની ટેકાના ભાવે ચાલતી ખરીદી પ્રક્રિયા અંગે સમીક્ષા બેઠક

ખેડૂતોને ચુકવણુ ઝડપથી થાય તેવો મુદ્દો પણ ચર્ચામાં આવવાના સંકેત

ગાંધીનગર, તા. ૨૭

જિલ્લામાં ટેકાના ભાવે ચાલી રહેલ મગફળી ખરીદી અંગેની મોનીટરીંગ કમિટીની આજે એક મહત્વની બેઠક જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે કલેક્ટર કચેરી ખાતે મળશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં અત્યાર સુધીમાં ૬ હજાર ક્વીન્ટલ મગફળીની કામગીરી કરવામાં આવી છે. આ ખરીદી શરૂ થયાને દસ દિવસ કરતાં પણ વધુ સમય થયો હોવાથી હવે ખેડૂતો દ્વારા પૈસાનું ચુકવણું કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. આ મુદ્દે આજની આ બેઠકમાં પણ ચર્ચા થવાની સંભાવનાઓ છે.

જિલ્લામાં ૨૨૦થી વધુ ખેડૂતો પાસેથી હાલ મગફળીની ખરીદી ટેકાના ભાવે કરવામાં આવી છે અને આ ખરીદી હજુ ચાલુ છે. આ કામમાં ગતિ આવે તે માટેની પણ ચર્ચાઓ આજની આ બેઠકમાં થશે તેમ મનાઈ રહ્યુ છે.

આ બેઠકમાં નાગરિક પુરવઠા નિગમ, નાફેડના પ્રતિનિધિ સહિતના મહત્વના અધિકારીઓ હાજર રહેનાર હોઈ બેઠકનું મહત્વ વધી જવા પામેલ છે.

મગફળી ખરીદીની પ્રક્રિયાને જોવા માટે જિલ્લા કલેક્ટરશ્રીએ દહેગામની પણ મુલાકાત લીધી હતી. આ ઉપરાંત નાફેડ અને સરકાર વચ્ચેની મડાગાંઠનો ઉકેલ આવી ગયો હોવાથી હવે ખરીદીની પ્રક્રિયા ઝડપી બનશે તેમ મનાઈ રહ્યું છે.

ગુમ થયેલ છે

બે - ત્રણ દિવસ પહેલા C. R. P. F. Camp ગાંધીનગરથી સેક્ટર૨૨ વચ્ચે શ્યામલી સુનીલ ચીકટેની ધોરણ-૧૦ની સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનની માર્કશીટ પડી ગયેલ છે (ગુમ થયેલ છે). જે કોઈને મળે તેમણે નીચેના કોન્ટેક્ટ નંબર પર જાણ કરવા વિનંતી છે.

M. : 9408751728

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

બૈંક ઑફ़ બડ़ૌદા Bank of Baroda

બેંક ઓફ બરોડા તમારા વિસ્તારમાં નીચેના કેન્દ્રો પર આધાર સેવા કેન્દ્રની સેવા આપે છે.

ક્રમ નં.	કેન્દ્ર નામ અને સરનામું	સંપર્ક નંબર	સમય
૧	બેંક ઓફ બરોડા સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧ જિલ્લો ગાંધીનગર	૦૭૯-૨૩૨૨૦૫૭૬	સવાર ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ સુધી
૨	બેંક ઓફ બરોડા હિંમતનગર શાખા, શાહ નિવાસ, ડૉ. ગાંધી રોડ, હિંમતનગર-૩૮૩૦૦૧ જિલ્લો : સાબરકાંઠા	૦૨૭૭૨-૨૪૦૭૪૧	સવાર ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ સુધી
૩.	બેંક ઓફ બરોડા જગત શોપીંગ સેન્ટર, મોડાસા - ૩૮૩૩૧૫ જિલ્લો : અરવલ્લી	૦૨૭૭૪-૨૪૬૩૧૯	સવાર ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ સુધી

આધાર નોંધણી માટે તમે અમારા બેંકના આ કેન્દ્રની મુલાકાત લઈ શકો છો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com